<u>નવી બાબત વર્ષ: ૨૦૨૩-૨૪</u>

પુર્ણા યોજનાના ભાગરૂપે ટ્રાયબલ બ્લોકમાં પૂર્ણા ૨.૦ યોજનાની વહીવટી મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્ર: **WCDD/IMR/e-file/23/2023/0164/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા:</u>- મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૮/૧૫૦૯/બ, તા.૧૯-૦૯-૨૦૧૮

<u>આમુખ:-</u>

ઉક્ત વંચાણે લીધેલ ઠરાવથી એપ્રિલ-૨૦૧૮ થી સમગ્ર રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓ માટે ૧૦૦% રાજ્યના ફાળાથી પૂર્ણા યોજના અમલી છે. આ યોજના હેઠળ કિશોરીઓને પૂરક પોષણ સેવામાં વાર્ષિક ૩૦૦ દિવસ માટે પ્રતિ દિવસ રૂ.૯.૫૦/- લેખે પૂરક પોષણ આપવામાં આવે છે. બિન-પોષણ સેવામાં માસના ચોથા મંગળવારે પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવે છે જે માટે પ્રતિ આંગણવાડી પ્રતિ માસ કુલ રૂ.૧૪૦/- લેખે જોગવાઇ કરવામાં આવે છે. આ ઉપરાંત ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને દર માસના ચોથા મંગળવારે જીવન કૌશલ્યની તાલીમ અને જાહેર સ્થળોની મુલાકાત કરાવવામાં આવે છે. ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને આંગણવાડીમાં મમતા દિવસના રોજ આરોગ્ય નિષ્ણાતો દ્વારા નક્કી કરેલા સમયે આરોગ્ય તપાસ કરવામાં આવે છે તેમજ આ કિશોરીઓને વિનામુલ્યે આર્યન ફોલિકની ગોળી આપવામાં આવે છે. આ કિશોરીઓનું દર માસે વજન અને ઉંચાઇ કરી બોડી માસ્ક ઇન્ડેક્ષ કાઢવામાં આવે છે અને દર ત્રણ માસે આરોગ્ય વિભાગ દ્વારા હિમોગ્લોબીન તપાસવામાં આવે છે તથા વર્ષમાં બે વખત (ઓગષ્ટ અને ફેબ્રુઆરી) માં ડિવોર્મિંગ કૃમિનાશક ગોળી આપવામાં આવે છે અને ૧૬ થી ૧૮ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને વોકેશનલ તાલીમ આપવામાં આવે છે. તેમજ આઇ.ઇ.સી. અને કન્ટીજન્સીની ગ્રાન્ટમાંથી જિલ્લા/મનપા કક્ષાએ વિવિધ હરીફાઇ, જાગૃતતા અભિયાન અને પોષણને લગતાં વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે અને સદર તમામ બાબતના યોગ્ય મોનીટરીંગ માટે જિલ્લા/મનપા કક્ષાએ પૂર્ણા કન્સલટન્ટની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે. કિશોરીઓ આંગણવાડી કેન્દ્ર ખાતે નિયમિત આવતી થાય અને મિત્રો સાથે રમતો રમતાં તેઓનો સર્વાંગી વિકાસ થાય તે આશયથી આંગણવાડી કેન્દ્ર દીઠ પૂર્ણા કીટ આપવામાં આવે છે.

<u>ઠરાવ:-</u>

કિશોરીઓ જીવનના વિવિધ પાસાઓ વિશે સમજે અને તેઓમાં જાગૃતિ આવે તે ખુબ જ જરૂરી છે, જેને ધ્યાને લઇ પોષણ સિવાયની સેવા પર વધુ પ્રકાશ પાડવા રાજ્યના ટ્રાયબલ બ્લોકમાં (૧૦૬ બ્લોક) પૂર્ણા યોજનાના જ ભાગરૂપે વર્ષ: ૨૦૨૩-૨૪ માં નવી બાબત તરીકે પૂર્ણા ૨.૦ યોજનાની વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે. જે નીચેની શરતોને આધીન પૂર્ણા ૨.૦ યોજનાના નીચે મુજબના કમ્પોનન્ટ માટે નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવાની મંજુરી આપવામાં આવશે.

| પૂર્ણા ૨.૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ક્રમ | કમ્પોનન્ટ | સબ-કમ્પોનન્ટ | વિગત | | અંદાજિત યુનિટ દિઠ ખર્ચ | અંદાજિત ખર્ચ રૂ. (લાખમાં |
| | ક્ષમતા નિર્માણ/ સેમિનાર/ મેળા/ તાલીમ/ વર્કશોપ | સખી- સહેલીની તાલીમ (વર્ષમાં એકવાર તાલીમ કરવી) | પ્રતિ આંગણવાડી કક્ષાની સખી અને સહસખીને (કુલ ૨૭૭૮૮) યોજનાકીય કામગીરી અંગે સેજા કક્ષાએ તાલીમ આપવાની રહેશે. | **No. of Seja** | **Cost per training** | |
| | | | | ૫૫૭ | ૫૦૦૦ | ૨૭.૮૫ |
| | | | | | | |
| | | આંગણવાડી કાર્યકર માટે તાલીમ (વર્ષમાં એકવાર તાલીમ કરવી) | ૧૦૬ ટ્રાયબલ બ્લોકની તમામ આંગણવાડી કાર્યકરને બ્લોક કક્ષાએ તાલીમ આપવાની રહેશે. | **No.of Blocks** | **Total Rs.per block/year** | |
| | | | | ૧૦૬ | ૧૦,૦૦૦ | ૧૦.૬૦ |
| | | | | | | |
| | | | કિશોરી પંચાયતની કોઈપણ બે કિશોરીઓ પૂર્ણા ૨.૦ અંતર્ગત | **Two Ags per AWCs** | | |

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.27
13:32:19 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | પૂર્ણા બ્રિગેડ | આવતી તમામ સેવાઓનું ગુણવત્તાપૂર્વક અમલીકરણ કરાવશે અને અન્ય કિશોરીઓનું પોષણ સ્તરમાં વધારો કરાવશે અને શાળા પુન:પ્રવેશ કરાવશે તે કિશોરીઓને રૂપિયા ૧૦૦૦ સુધીની મર્યાદામાં વર્ષના અંતે પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે અથવા પ્રોત્સાહનરૂપે બાબ સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ધારા-ધોરણ મુજબ કોર્ષ કરાવવામાં આવશે. | **of each Kishori Panchayat group. (AWCs-13894)** | **Cost per AGs/year** | |
| | | | | ૨૭૭૮૮ | ૧૦૦૦ | ૨૭૭.૮૮ |
| | | | | | | |
| | | પૂર્ણા બ્રિગેડયર એવોર્ડ | જે કિશોરી પંચાયત દ્વારા ગામની અન્ય કિશોરીઓને સશક્ત અને આત્મનિર્ભર બનાવશે તે કિશોરી પંચાયતને બ્લોક લેવલે ૨૬ જાન્યુઆરી/વિશ્વ મહિલા દિવસના રોજ અધિકારીશ્રી દ્વારા પ્રોત્સાહનરૂપે એવોર્ડ અને રાશિ આપવામાં આવશે જેનો ઉપયોગ ગામની કિશોરીના વિકાસ માટે કરશે. | **One Kishori Panchayat of each block** | **Per block / year** | |
| | | | | ૧૦૬ | ૨૫૦૦ | ૨.૬૫ |
| | | | | | કુલ રકમ રૂ. (લાખમાં) | ૩૧૮.૯૮ |
| ૨ | વર્તન પરિવર્તન સંચાર | પૂર્ણા રીક્રીએશનલ હબ | દરેક મહિનામાં આવતાં કિશોરીઓને લગતાં વિવિધ દિવસને અનુરૂપ થીમ આધારિત રાજ્ય કક્ષાએથી પૂર્ણા કેલેન્ડર બનાવી દરેક આં.વા કેન્દ્ર પર આપવામાં આવશે. થીમ આધારિત પ્રવૃતિ પહેલા, બીજા, ત્રીજા શનિવારે કરાવવામાં આવશે તેમજ ચોથા શનિવારે થીમને અનુરૂપ હરીફાઇ/ક્વિઝ કરવાની રહેશે | **No.of AWCs** | **Per AWCs/ month** | |
| | | | | ૧૩૮૯૪ | ૩૦૦ | ૫૦૦.૧૮ |
| | | | | | | |
| | | પૂર્ણા ગ્રામસભા-કિશોરી પંચાયતની રચના | દરેક આ.વા કેન્દ્ર પર કિશોરી પંચાયતની મીટિંગનું આયોજન કરવામાં આવશે જેમાં કિશોરીઓના સશક્તિકરણને લગતાં તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. | **No.of AWCs** | **Per AWCs/year** | |
| | | | | ૧૩૮૯૪ | ૨૧૦ | ૨૯.૧૮ |
| | | | | | કુલ રકમ રૂ. (લાખમાં) | ૫૨૯.૩૬ |
| | | | | | | |
| ૩ | સઘણ માહિતી સંચાર | પૂર્ણા કોર્નર | આં.કેન્દ્ર પર બનાવવામાં આવશે જેમાં કિશોરીઓને લગતી સરકારી યોજના વિશેના વિવિધ સાહિત્યનું પ્રદર્શન કરવાનું રહેશે. | **No. of AWCs** | **Adolescent corner /year** | |
| | | | | ૧૩૮૯૪ | ૧૦૦૦ | ૧૩૮.૯૪ |
| | | | | | | |
| | | કિશોરી મેળા | આંગણવાડી કાર્યકર અને કિશોરી પંચાયતના માર્ગદર્શન હેઠળ વર્ષમાં બે (૨) વાર બ્લોક કક્ષાએ કિશોરીઓ માટે મેળાનું આયોજન કરવામાં આવશે. | **No.of Blocks** | **Total Rs. per block/ year** | |
| | | | | ૧૦૬ | ૧૨૦૦૦ | ૧૨.૭૨ |
| | | | | | કુલ રકમ રૂ. | ૧૫૧.૬૬ |
| | | | | | કુલ રકમ રૂ.(લાખમાં) | ૧૦૦૦ [illegible] |

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.27
13:32:19 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**<u>શરતો:</u>**

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચૂકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીઓની સંખ્યા વધે નહિ તે મુજબનુ આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ ICDS નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(3) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) ઓનલાઈન અરજી કરવાનું અને મંજુરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫)સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ કરવાની રહેશે.

(૭) આ યોજનાને DBT Portal ઉપર ફરજિયાત નોંધવાની રહેશે.

(૮) સી.એમ.ડેશબોર્ડ સાથે યોજના લિંક કરવાની રહેશે.

(૯) યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) સોશિયલ ઓડિટ અને થર્ડ પાર્ટી વેરીફીકેશન પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનુ રહેશે.

(૧૧) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૨) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૩) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૭) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૨૦) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

<u>આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.</u>

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૨૨૩૬ પોષણ

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.27
13:32:19 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

પેટા મુખ્ય સદર : (૦૨) પોષણ ખાધ અને પીણાંની વહેંચણી

ગૌણ સદર : ૧૦૧ ખાસ પોષણ કાર્યક્રમ

પેટા સદર : ૧૭ પુર્ણા યોજના (૧૦૦% સ્ટેટ બર્ડન)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૪/૦૭/૨૦૨૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઈ. લેઉવા)
ઉપ સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

૧૦. નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર.

૧૨. સંબંધીત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .....................

૧૩. સંબંધીત નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫ નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સંબંધીત પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)

૧૮. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.27
13:32:19 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign